...૧૯૭૦,૨૫૨૧૭૬૧, ૨૫૨૧૭૬૨
ફેક્સ નં. (૦૨૭૮) ૨૫૨૧૭૬૩
પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
ગ્રાહક તકરાર નિવારણ ફોરમ
ઝોનલ કચેરી, "વીજ સેવા સદન", ચાવડી ગેટ,ભાવનગર.
CIN : U40102GJ2003SGC042908
e-mail: forumbhavnagar.pgvcl@gebmail.com

ક્રમાંક: બીઝેડ/ફોરમ/૧૧૨/૧૮-૧૯/ 5744

તારીખ : 19 NOV 2018

પ્રતિ,
શ્રી ગોહિલ કિરીટસિંહ દાનસીંગ,
વતી વી.કે. ગોહિલ,
મુ. થોરડી,પ્રાથમિક શાળાની બાજુમાં,
ધારેશ્વર મહાદેવનો વિસ્તાર,
તા. જી. ભાવનગર.
મો : ૯૮ ૨૫ ૯૦ ૪૩ ૨૬ .

કેસ ન. ૧૧૨/૧૮-૧૯.

**વિષય :** નવા ખેતીવાડી વીજ કનેક્શન મળવા બાબત.

**સંદર્ભ** : (૧) આપનો પત્ર તા : ૧૭.૦૯.૧૮

(૨) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૧૧૨/૧૮–૧૯/૪૪૨૫ તા. ૨૯.૦૯.૧૮.

શ્રીમાન,

આપશ્રીની, ઉપરોક્ત વિષયના સંદર્ભમાં આપના દવારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગર સમક્ષ કરેલ રજુઆતના સંદર્ભમાં આપશ્રીને ફોરમ સમક્ષ તા. ૦૩.૧૧.૨૦૧૮ નાં રોજ સાંભળવામાં આવેલ. જેના સંદર્ભમાં ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ દવારા આપવામાં આવેલ ચુકાદો આ સાથે સામેલ છે.

આપશ્રીની જાણ સારૂ.

( એમ.પી. સોલંકી )
કન્વીનર,
ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ
પીજીવીસીએલ., ઝોનલ કચેરી ભાવનગર.

**બિડાણ:– ઉપર મુજબ.**

પ્રતિ: કાર્યપાલક ઇજનેરશ્રી,
પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
વિભાગીય કચેરી, શહેર-૨, ભાવનગર.

*........ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગના જાહેરનામા નં. ૨/૨૦૧૧ની કલમ નં. ૨.૫૨ મુજબ સદર હુકમનાં પાલન અંગે થયેલ કાર્યવાહીનો જરૂરી અહેવાલ અત્રેની ફોરમ કચેરીને ફરજીયાત પાઠવવાનો રહેશે.*

**નકલ રવાના:–**
૧) શ્રી અધિક્ષક ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, વર્તુળ કચેરી, ભાવનગર.
૨) શ્રી નાયબ ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, પેટા વિભાગીય કચેરી, મામસા.
...આપની જાણ તથા જરૂરી કાર્યવાહી અર્થે.

P.G.V.C.L. Bhavnagar. Consumer Grievance Redressal Forum

(ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ,ભાવનગર સમક્ષ)

ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લિમીટેડ, ઝોનલ ઓફિસ,
"વીજ સેવા સદન", ચાવડી ગેટ,
ભાવનગર.

☞ **કેઈસ નંબર –૧૧૨/૧૮–૧૯** ☜

વાદી :– **શ્રી ગોહિલ કિરીટસિંહ દાનસીંગ**

◈ **વિરૂઘ્ઘ** ◈

પ્રતિવાદી :– પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ

◈ **રજુઆતની તારીખ**:– ૦૩.૧૧..૨૦૧૮ ◈

હાજર રહયા :– શ્રી વી.કે. ગોહિલ - પુત્ર.

પ્રતિવાદી :– **શ્રી એ.એસ. ચોધરી, કાર્યપાલક ઈજનેર, વિભાગીય કચેરી, શહેર-૨ ભાવનગર.**

(પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ વતી)

શ્રી ગોહિલ કિરીટસિંહ દાનસીંગ, મુ.થોરડી, તા.ભાવનગરની નવા ખેતીવાડી વીજ કનેક્શન બાબતની બાબતની રજુઆત કન્વીનરશ્રી, ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગરને મળતાં, ફોરમે તેનાં ફરિયાદ રજીસ્ટરમાં ક્રમાંક : ૧૧૨ / ૧૮–૧૯ થી નોંધી તેનાં યોગ્ય નિરાકરણ માટે અધિક્ષક ઈજનેરશ્રી, વર્તુળ કચેરી, ભાવનગરને પત્ર નં.બીઝેડ/ફોરમ/ ૧૧૨/ ૧૮–૧૯/ ૪૪૨૫ તા. ૨૯.૦૯.૧૮ થી વાદીશ્રીની જાણ હેઠળ મોકલી આપેલ.

આમ છતાં, ફોરમે વાદીશ્રીને તેમની ફરિયાદ બારામાં લેખીત / મૌખીક રજુઆત કરવા તા. ૨૩.૦૧૦.૧૮ તથા તા. ૦૩.૧૧.૧૮ નાં રોજ ઉપસ્થિત રહેવા જણાવેલ. જેમાં વાદી હાજર રહેલ તથા પ્રતિવાદી શ્રી એ.એસ. ચોધરી, કાર્યપાલક ઈજનેર, વિભાગીય કચેરી, શહેર-૨ ભાવનગર, ઉપસ્થિત રહેલ.

☞ **વાદીશ્રીની રજુઆત**:– **ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...**

૧.૧ અરજદારશ્રીની સી.જી.આર.એફ. સમક્ષની તા. ૧૭.૦૯.૨૦૧૮નાં રોજની રજૂઆત મુજબ તેઓએ નવા ખેતી વિષયક વીજજોડાણ માટે તા.૨૮.૦૪.૨૦૧૧ ના રોજ રજીસ્ટ્રેશન કરાવેલ છે પરંતુ આજદિન સુધી FQ મળેલ નથી.

૧.૨ વધુમાં રૂબરૂ તપાસ કરતાં જણાવેલ છે ક આપનું કનેક્શન રદ થઇ ગયેલ છે તો સદર વીજજોડાણ માટે નવું અંદાજપત્ર પાઠવી આગળની કાર્યવાહી કરી વીજજોડાણ આપવા બાબત.



Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar.

☞ **<u>પ્રતિવાદીશ્રીની રજુઆતઃ– તેમની રજુઆત છે કે,</u>**

૨.૧ અરજદાર શ્રી કિરીટસિંહ દાનસિંહ ગોહિલ, મુ. વાવડી-આર,દ્વારા વાવડી-આરગામના રેવન્યુ સર્વે નં.૧૭૪માં નવું ખેતીવિષયક વીજજોડાણ લેવા માટેરૂ. ૨૦૦/- નં. GI0૩૧૩૫૧ થી તા.૨૮.૦૪.૨૦૧૧ ના રોજ ભરી અરજી કરેલ છે જે જી.પી. નં. ૮૬૭૬ થી નોંધવામાં આવેલ છે.

૨.૨ અરજદારશ્રી નો ક્રમાનુસાર વારો આવતાં પત્ર નં.૫૧૩૯ તા.૨૧.૦૭.૧૬ ના રોજ અંદાજપત્ર પાઠવવામાં આવેલ હતું, જે ભરપાઈ કરવાની છેલ્લી તા.૧૯.૦૮.૧૬ હતી.

૨.૩ જે અંદાજપત્ર અરજદાર દ્વારા ભરપાઈ કરેલ નથી એ બાબતની એન્ટ્રી જી.પી. રજીસ્ટરમાં છે.

૨.૪ વિશેષમાં અરજદારની ઉપરોક્ત માંગણી અન્વયે અત્રેની કચેરી દ્વારા વાવડી-આર ગામે મોકલવામાં આવેલ અંદાજપત્રનું કવર પોસ્ટ વિભાગ દ્વારા " આ નામના આસામી સરતાનપર વાવડી-આરમાં ન હોવાથી"તા. ૦૯.૦૮.૨૦૧૬નાં રોજ મામસા પેટાવિભાગીય ખાતે પરત આપેલ છે.

૨.૫ વધુમાં સદર અરજદાશ્રીએ કરેલ અરજીમાં પોસ્ટલ અડ્રેસ "ગોહિલ કિરીટસિંહ દાનસિંહ ગોહિલ, ગામ : થોરડી, તા.જી. ભાવનગર" દર્શાવેલ છે અને મામસા પેટાવિભાગીય કચેરી દ્વારા ગામ : વાવડી-આર નાં સરનામાં મુજબ અંદાજપત્ર આપવામાં આવેલ છે.

૨.૬ આ સાથે જી.પી રજીસ્ટરની નકલ, અંદાજપત્રની નકલ અને પરત આવેલ કવરની નકલ આ સાથે સામેલ છે.

૨.૭ આમ, ઉપરોક્ત કારણોસર અરજદારને ખેતીવિષયક વીજજોડાણ આપી શકાયેલ નથી, જે આપ સાહેબની જાણ સારૂ.

☞ <u>ફોરમનું તારણ</u> :– **વાદી અને પ્રતિવાદીની રજુઆત ઉપરથી નીચે મુજબ તારણ નીકળે છે.**

3.૧ વાદી શ્રી ગોહિલ કિરીટસિંહ દાનસિંહ વતી તેમના પુત્ર શ્રી વી.કે. ગોહિલે ફોરમને રજૂઆત કરેલ છે કે કિરીટસિંહ દાનસિંહ ગોહિલના નામનું વાવડી-આર ગામના સર્વે નં. ૧૭૪માં તા. ૨૮.૦૪.૧૧ના રોજ નવા ખેતીવાડી વીજ જોડાણ માટે અરજી નોંધણી કર્રાવેલ.

3.૨ વાદીએ અરજી નોંધણી સમયે પત્રવ્યવહારનું સરનામું ગામ થોરડી લખાવેલ જયારે અંદાજપત્ર આપતી સમયે પ્રતિવાદી દ્વારા રજી.પોસ્ટ થી અંદાજપત્ર વાદીને ગામ વાવડી-આર કે જ્યાં તેઓએ નવું વીજ જોડાણ માંગેલ તે સરનામે મોકલવામાં આવેલ, આથી વાદીને અંદાજપત્ર મળેલ નહિ અને પ્રતિવાદીની ઓફીસમાં પરત આવેલ.

3.3 પ્રતિવાદીએ વાદીના પત્રવ્યવહારના સરનામે અંદાજપત્ર આપ્યું હોઈ તો વાદીને મળી ગયું હોત અને વાદી સમયમર્યાદામાં અંદાજપત્ર ભરી શક્યા હોત.

3.૪ તા. 0૩.૧૧.૧૮ના રોજ સુનાવણી દરમ્યાન પ્રતિવાદીએ ફોરમને લેખિત જણાવેલ છે કે હવે પ્રતિવાદીએ વાદીના પત્ર વ્યવહારના સરનામે ગામ થોરડી જી. ભાવનગર ખાતે અંદાજપત્ર પાઠવેલ છે આથી વાદીની ફરિયાદનો નિકાલ કરવામાં આવે છે.



Consumer Grievance Redressal Forum P.G.V.C.L Bhavnagar.

## –:: હુકમ ::–

- વાદીની રજુઆત, પ્રતિવાદીની રજુઆત તેમજ ફોરમ સમક્ષ રજુ થયેલ દસ્તાવેજી પુરાવા અને ઉપરના તારણો પરથી તારણ નં. ૩.૪ મુજબ વાદીને પ્રતિવાદી દ્વારા તેના પત્ર વ્યવહારના સરનામે અંદાજપત્ર આપવામાં આવેલ હોઈ વાદીની ફરિયાદનો નિકાલ થયેલ છે."

- સદર હુકમ સામે વાદીશ્રીને વાંધો કે તકરાર હોય તો આ હુકમ મળ્યે દિવસ–૩૦ માં વિદ્યુત લોકપાલશ્રીની કચેરી, બ્લોક નં.૩, પોલીટેકનીક કંમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ સમક્ષ અપીલ કરી શકે છે.

| | | |
|---|---|---|
| | ગેરહાજર | |
| (બી. જે. દવે) | (પી. એચ. માવાણી) | (એમ. આર.વજરીયા) |
| સ્વતંત્ર સભ્યશ્રી | ટેકનીકલ સભ્યશ્રી | અધ્યક્ષશ્રી, |
| | | ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ |
| | | પ.ગુ.વિ.કું.લી.:ભાવનગર. |

તારીખ :–૦૩.૧૧.૨૦૧૮

Consumer Grievance Redressal Forum * P.G.V.C.L Bhavnagar.